بسم الله الرحمن الرحيم

# મદીના
# ની
# ઝિયારતો

નામ : મદીના

પ્રકાશક : અસ-સેરાત

તારીખ : જાન્યુઆરી-૨૦૧૯

પત્તો : મુંબઈ ૪૦૦૦૦૯

મોબાઈલઃ 9892847995 / 9833885995

ટેલીફોનઃ 65048461

વેબસાઇટઃ **www.asserattours.com**

ઇમેલઃ info@asserattours.com

as_serat@yahoo.com

# અનુક્રમણિકા


મદીનએ મુનવ્વરા ના મુબારક મકાનો અને મસ્જીદો ......... ૧
મદીનએ મુનવ્વરા અને મસ્જીદુન નબી ના મુસ્તહબ્બાત ..... ૮
મુસ્જીદે કુબા............................................................. ૧૨
અઅમાલે મસ્જીદે કુબા ............................................... ૧૩
મસ્જીદે ઝુ-કિબ્લતૈન ................................................. ૧૬
મસ્જીદે ફત્હ - મસ્જીદે અહઝાબ.................................. ૧૯
મસ્જીદે એજાબા માં દોઆ........................................... ૨૧
મદીનએ મુનવ્વરા ના અઅમાલ.................................. ૨૨
રસૂલ (સ.અ.), ફાતેમહ (અ.સ.) અને બકીઅ માં દફન ઇમામો (અ.સ.) ની ઝિયારત ની ફઝીલત..................... ૨૨
ઝિયારત માટે ઇઝ્ને દોખૂલ (દાખલ થવા ની પરવાનગી) ૨૭
રસૂલે અકરમ (સ.અ.વ.) ની પહેલી ઝિયારત ................ ૩૦
ઝિયારત ની નમાઝ અને તેના પછી ની દોઆ ............... ૩૫
રસૂલે અકરમ (સ.અ.વ.) ની બીજી ઝિયારત.................. ૩૬
મસ્જીદે નબવી ના અમુક મુસ્તહબ્બાતો ........................ ૪૮
તૌબા ના સુતૂન (થાંભલા) પાસે નમાઝ અને દોઆ....... ૫૧
મસ્જીદે નબવી અને મદિનાએ મુનવ્વરા માં રોઝો રાખવો મુસ્તહબ છે ............................................................... ૫૩
મકામે જિબ્રઇલ પાસે નમાઝ અને દોઆ ....................... ૫૫
ઝિયારતે હઝરતે ફાતેમહ ઝહરા (સ.અ.) ..................... ૫૯
હઝરત ફાતેમહ (સ.અ.) ની પહેલી ઝિયારત................. ૬૦

હઝરત ફાતેમહ ઝહરા (સ.અ.) ની બીજી ઝિયારત......... ૬૭
જનાબે ફાતેમહ ઝહરા (સ.અ.) પર સલવાત................. ૬૯
બકીઅ માં દફન ઇમામો (અ.સ.) ની ઝિયારત............... ૭૧
ઝિયારતે ઇમામ હસને મુજતબા (અ.સ.)...................... ૭૫
ઝિયારતે ઇમામ ઝૈનુલ આબેદીન (અ.સ.)..................... ૭૭
ઝિયારતે ઇમામ મોહમ્મદ બાકેર (અ.સ.)..................... ૭૯
ઝિયારતે ઇમામ જઅ્ફર સાદિક (અ.સ.)...................... ૮૧
સલવાત ઇમામ હસન બિન અલી અલ-મુજતબા (અ.સ.) ૮૩
સલવાત ઇમામ ઝૈનુલ આબેદીન (અ.સ.)..................... ૮૪
સલવાત ઇમામ મોહમ્મદ બાકિર (અ.સ.)..................... ૮૫
સલવાત ઇમામ જઅફર સાદિક (અ.સ.)....................... ૮૬
ઝિયારત અબ્બાસ બિન અબ્દુલમુત્તલિબ (અ.સ.)........... ૮૭
ઝિયારતે ફાતેમહ બિન્તે અસદ (અ.સ.)........................ ૮૮
અઝવાજે રસૂલ (સ.અ.) (રસૂલ (સ.અ.વ.) ની મોહતરમ બીબીઓ) ની ઝિયારત............................................... ૯૧
ઝિયારતે જનાબે અકીલ અને જનાબે અબ્દુલ્લાહ બિન જઅફરે તય્યાર........................................................... ૯૨
જનાબે ઇબ્રાહીમ (હઝરત રસૂલુલ્લાહ (સ.અ.વ.) ના ફરઝન્દ) ની ઝિયારત............................................... ૯૪
બકીઅ માં ઓહદ અને હર્રા ના બનાવ ના શહીદો ની ઝિયારત .......................................................... ૯૮
ઇસ્માઇલ બિન જઅફર સાદિક (અ.સ.) ની ઝિયારત.... ૧૦૦
ઝિયારતે હલીમા સઅ્દિયહ (રેહ.)........................... ૧૦૨

રસૂલે અકરમ (સ.અ.વ.) ના ફઇઓ ની ઝિયારત........ ૧૦૩
ઝિયારતે ઉમ્મુલ બનીન - હઝરત અલી (અ.સ.) ની ઝૌજા..... ............................................................. ૧૦૫
ઝિયારતે અહલે કોબૂર .......................................... ૧૦૭
હઝરત અબ્દુલ્લાહ (અ.સ.) - રસૂલે ખુદા (સ.અ.વ.) ના વાલિદ ની ઝિયારત ............................................... ૧૦૮
હઝરત હમઝા (રેહ.) અને બીજા શોહદાએ ઓહદ ની ઝિયારત ની ફઝીલત............................................. ૧૧૦
શોહદાએ ઓહદ ની ઝિયારત................................. ૧૧૬
રસૂલે અકરમ (સ.અ.વ.) ની વિદાઅ ની ઝિયારત ....... ૧૧૯
અઇમ્માએ બકીઅ (અ.સ.) ની વિદાઅ ની ઝિયારત..... ૧૨૩

# મદીનએ મુનવ્વરા ના મુબારક મકાનો અને મસ્જીદો

મદીનએ મુનવ્વરા માં ઇસ્લામી અસર અને ઇમારતો એટલી વધારે છે કે તેની સ્પષ્ટતા અને વિશેષતાઓ બયાન કરવા માટે એક મોટી કિતાબ ની જરૂર છે. અને તેથી જ અમે કિતાબ 'દોઆ અને ઝિયારત' ને પર્યાપી સમજી મકાનો નજરઅંદાજ કરી રહ્યા છીએ. પરંતુ તેમાં થી અમુક ના નામો અને મુસ્તહબાતો તરફ ઇશારો કરી રહ્યા છીએ.

## ૧. મસ્જીદુન નબી

આ મસ્જીદ, રસૂલે અકરમ (સ.અ.વ.) અને ઇસ્લામ ના મુખ્ય મુસલમાનો ની મદદ થી ચણવામાં આવી છે. આં હઝરત (સ.અ.વ.) ના જમાના માં આનું ક્ષેત્રફળ ઉત્તરદિશા થી દક્ષિણ દિશા તરફ ૩૫ મીટર અને પૂર્વ દિશા થી પશ્ચિમ દિશા તરફ ૩૦ મીટર હતું. આ ઇમારત માં ખજુર ના દસ (૧૦) થાંભલા લગાડવા માં આવ્યા હતાં. હિજરત ના સાતમાં વર્ષે ખૈબર ફતેહ થયા બાદ રસૂલ (સ.અ.વ.) એ તેનો વિસ્તાર હજી વધારયો.

# મસ્જીદ ની મુકદ્દસ અને મહત્વપૂર્ણ જગ્યાઓ

## ૧. હુજરએ મોતહ્હર - પાક કમરોઃ

રસૂલ (સ.અ.વ.) નો હુજરે મોતહહર લંબાઇ માં ૧૬ મીટર અને પહોળાઇ માં ૧૫ મીટર નો છે. આના ઉપર એક ગુંબજ છે જેને 'કુબ્બતુલ ખઝરાઅ' (લિલો ગુંબજ) કહેવામાં આવે છે.

## ૨. મિમ્બરે રસૂલ (સ.અ.વ.):

પાંચ હિજરી સન માં રસૂલે અકરમ (સ.અ.વ.) માટે ત્રણ જીના (પગથ્યા) નું એક મિમ્બર બનાવવા માં આવ્યું. રસૂલ (સ.અ.વ.) ત્રીજા જીના પર તશરીફ રાખતા અને લોકો થી ખિતાબ કરતા હતા.

## ૩. મેહરાબઃ

રસૂલે અકરમ (સ.અ.વ.) અને ખલીફાઓ ના જમાના માં મસ્જીદુન નબી માં મેહરાબ નહોતો. ઉમર બિન અબ્દુલ અઝીઝ ના જમાના માં રસૂલ (સ.અ.વ.) ના મુસલ્લા ની જગ્યાએ મેહરાબ બનાવવા માં આવ્યો જે અત્યારે 'મેહરાબુન નબી' ના નામ થી મશહૂર છે.

**૪. રોઝે મુનવ્વરા**

**૫. મસ્જીદના તે થાંભલાઓ જે તૌબા અથવા અબૂ લોબાબા, હન્નાનહ, મોહાજેરીન, સરીર અને મોખલ્લેકા ના નામે મશહૂર છે.**

**૬. મકામે જીબ્રઇલ**

**૭. મકામે અસ્હાબે સફ્ફહ**

**૮. મેહરાબે તહજ્જુદ**

**૯. ખાનએ હઝરત ફાતેમહ (સ.અ.)**

## ૨. કબ્રસ્તાને બકીઅ

આ કબ્રસ્તાન માં ચાર માસૂમ ઇમામો - ઇમામ હસન (અ.સ.), ઇમામ ઝૈનુલ આબેદીન (અ.સ.), ઇમામ મોહમ્મદ બાકિર (અ.સ.), ઇમામ જઅફર સાદિક (અ.સ.) - અને ઘણાં સહાબીઓ, રસૂલ (સ.અ.વ.) ની બીબીઓ. આપ (સ.અ.વ.) ના ફરઝન્દ - ઇબ્રાહીમ – અને ઇસ્લામ ના ઘણાં ફઝીલત ધરાવતા મર્દો અને ઔરતો દફન છે.

## ૩. મસ્જીદે કુબા

સૌથી પહેલી મસ્જીદ જે તકવા ની બુનિયાદ પર રસૂલ (સ.અ.વ.) ના મુબારક હાથે મદીના માં ચણવા માં આવી તે મસ્જીદે કુબા છે.

## ૪. ઉમ્મે ઇબ્રાહીમ ની પરબ અને મસ્જીદે ફઝીહ અથવા રદ્દે શમ્સ

આ પણ મસ્જીદે કુબા પાસે છે.

## ૫. મસ્જીદુલ મેઅહ

મસ્જીદે કુબા થી મદીના તરફ જતા રસ્તા ઉપર છે.

## ૬. કબ્રસ્તાને ઓહદ

અહીંયાં સૈયદુશ-શોહદા જનાબે હમઝા અને જંગે ઓહદ માં શહીદ થવા વાળા બીજા શહીદો દફન છે.

## ૭. મસ્જીદે અસકર અને મસ્જીદે સનાયા રસૂલ (સ.અ.વ.)

આ પણ ઓહદ માં જ આવેલી છે.

## ૮. મસાજીદે સબ્અહ (સાત મસ્જીદો)

આ મસ્જીદો પણ તે જગ્યા ઉપર ચણવા માં આવી છે જ્યાં જંગે અહઝાબ (ખંદક) થઇ હતી. તેમના નામ નીચે પ્રમાણે છે:

(૧) મસ્જીદે ફત્હ (૨) મસ્જીદે અલી

(૩) મસ્જીદે સલ્માન (૪) મસ્જીદે ફાતેમા (સ.અ.)

(૫) મસ્જીદે અબુ બકર (૬) મસ્જીદે ઉમર

## ૯. મસ્જીદે ઝૂ કિબલતૈન

કિબ્લો આ જ મસ્જીદ માં બદલી થયો હતો. મુસલમાન પહેલા મસ્જીદે અકસા તરફ ઉભા રહી નમાઝ પઢતા હતા. હવે તેમના ઉપર વાજીબ છે કે કાબા તરફ ઉભા રહી નમાઝ પઢે.

## ૧૦. મસ્જીદે અમામા અથવા મુસલ્લા નબી

## ૧૧. મસ્જીદે હઝરત અલી (અ.સ.) અને

## મસ્જીદે હઝરત ઝહરા (સ.અ.)

મોનાખા માં એક બીજા ની પાસે પાસે આવેલી છે.

## ૧૨. મસ્જીદે મુબાહેલા

જ્યાં આ મસ્જીદ છે ત્યાં રસૂલે અકરમ (સ.અ.વ.), અલી (અ.સ.), ફાતેમા (અ.સ.), હસન (અ.સ.) અને હુસૈન (અ.સ.) ની સાથે નસારા નજરાન થી મુબાહેલા કરવા માટે આવ્યા હતા.

## ૧૩. મસ્જીદે શજરા

આ મદીના વાસીઓ અને તે લોકો નું મીકાત છે જે મદીના થી બૈતુલ્લાહિલ હરામ ની હજ્જ અને ઝિયારત માટે જાય છે.

## ૧૪. મસ્જીદે મોઅર્રસ

આ મસ્જીદ માં નમાઝ પઢવા અને આરામ કરવા ની તાકીદ કરવામાં આવી છે.

## ૧૫. મહલ્લે બની હાશિમ

આ જગ્યા ઉપર ઇમામ ઝૈનુલ આબેદીન (અ.સ.), ઇમામ સાદિક (અ.સ.) અને ઝુર્રિયતે રસૂલ (સ.અ.વ.) ના ઘર હતા જેને હરમ નો વિસ્તાર કરવા માટે તોડી પાડવામાં આવ્યા.

## ૧૬. અમુક બીજી મસ્જીદો

જેમ કે મસ્જીદે અબૂઝર, મસ્જીદે નફસે ઝકિય્યહ, મસ્જીદે ઝફર, મસ્જીદે સુક્યા, મસ્જીદે મસ્બજિદ, મસ્જીદે ગઝાલા અથવા મસ્જીદે મુનસરિફ, મસ્જીદે નબી સાલિમ, મસ્જીદે બની કુરૈઝા અને મસ્જીદુર રાયહ, વિગેરે.

મુસ્તહબ છે કે આ તમામ મસ્જીદો માં બે (૨) રકઅત નમાઝે એહતેરામે મસ્જીદ પઢે. પોતાના અને બીજાઓ માટે દોઆ કરે. આ મકાનોમાં થી અમુક ના ખાસ અઅમાલ અને મુસ્તહબાત છે જેને અમે ટૂંક માં નીચે પ્રમાણે બયાન કરી રહ્યા છીએ.

# મદીનએ મુનવ્વરા અને મસ્જીદુન નબી ના મુસ્તહબ્બાત

૧. મદીના અને મસ્જીદુન નબી માં દાખલ થવા અને અઇમ્મએ બકીઅ ની ઝિયારત કરવા માટે ગુસ્લ કરવું જોઇએ. એક જ ગુસ્લ માં બધા ની નીય્યત કરી શકે છે.

૨. **મદીનએ મુનવ્વરા માં કયામઃ** ‘જવાહેર’ ના લખનાર કહે છે કે આમાં કોઇ મતભેદ નથી કે મદીનએ મુનવ્વરા માં ઠહેરવું અને સેવા કરવી મુસ્તહબ છે. આ વાત પર ‘શહીદ’ એ ‘દુરૂસ’ માં એક મતનો દાવા કર્યો છે.

સમ્હૂદી એ માલિક બિન અનસ - માલિકિયો ના ઇમામ - થી નક્લ કરી છે કે તેમના થી પૂછવામાં આવ્યુંઃ તમારા મત મુજબ મદીના માં ઠહેરવું બહેતર છે કે મક્કામાં ? તેમણે કહ્યુંઃ મદીના કેમ ન હોય શકે કારણ કે મદીના માં એક પણ એવો રસ્તો નથી જ્યાં થી રસૂલ

(સ.અ.વ.) નો ગુજર ન થયો હોય અને જિબ્રઇલ (અ.સ.) નાઝિલ ન થયા હોય.

૩. મુસ્તહબ છે કે હાજત પૂરી થવાની મન્નત સાથે ઇન્સાન મદીના માં ત્રણ (૩) દિવસ સુધી રોઝા રાખે, બહેતર છે કે બુધવાર જુમેરાત અને જુમ્આ ના દિવસે રોઝો રાખે. મુસ્તહબ છે કે બુધવારે રાતે સુતૂને અબૂ લોબાબા પાસે અને જુમેરાતે તેની સામેના સુતૂન પાસે નમાઝ પઢે અને શબે જુમ્આ અને રોઝે જુમ્આ મેહરાબે રસૂલ (સ.અ.વ.) ની પાસે આવેલા સુતૂન પાસે નમાઝ પઢે અને પરવરદિગારે આલમ પાસે પોતાની હાજતો તલબ કરે અને રસૂલ (સ.અ.વ.) ની ઝિયારત બાદ નકલ થયેલી દોઆ પઢે.

૪. મુસ્તહબ છે કે મદીના માં કયામ વખતે એક થી વધારે કુરઆન ખતમ કરે. ખાસ કરીને મસ્જીદુન નબવી માં કુરઆન પઢે.

૫. પોતાની હૈસીયત મુજબ સદકો દેવો મુસ્તહબ છે, ખાસ કરીને મસ્જીદુન નબવી માં. મરહૂમ મજલિસી (રેહ.) એ રિવાયત કરી છે કે મદીના માં એક દિરહમ સદકો દેવો બીજી જગ્યાઓ પર હજાર (૧૦૦૦) દિરહમ

સદકો દેવા બરાબર છે. દીની ભાઇઓ ખાસ કરીને સાદાત અને રસૂલ (સ.અ.વ.) ની ઝુર્રિયત (સંતાન) ની મદદ કરવામાં ઊણપ (કોતાહી) ન કરવી જોઇએ.

૬. પોતાના ચાલ-ચલણ માં સતર્ક રહે, સમય ને ગનીમત સમજે અને જ્યાં સુધી બની શકે નમાઝ પઢે. ખાસ કરીને મસ્જીદે નબવી માં નમાઝ પઢે, કારણ કે મસ્જીદે નબવી માં એક રકઅત નમાઝ મસ્જીદે હરામ ને છોડી ને બીજી મસ્જીદો માં હઝાર (૧૦૦૦) રકઅતો બરાબર છે. અને નમાઝ પઢવા માટે બેહતરીન જગ્યા રસૂલ (સ.અ.વ.) નો રોઝો છે.

૭. મસ્જીદ માં દાખલ થતી વખતે અને બહાર નીકળતી વખતે દુરૂદ પઢે.

૮. મસ્જીદ માં દાખલ થતી વખતે બે (૨) રકઅત નમાઝે એહતેરામે મસ્જીદ પઢે.

૯. માઁ-બાપ, ઇમાની ભાઇઓ અને ઓળખીતા લોકો તરફ થી રસૂલ (સ.અ.વ.) ની ઝિયારત પઢે.

૧૦. ઝિયારત પછી, જેમ કે પહેલા બયાન કરવામાં આવ્યું છે, બે (૨) રકઅત નમાઝે ઝિયારત પઢે અને તેનો

સવાબ રસૂલ (સ.અ.વ.) ને હદિયો કરે.

૧૧. રસૂલ (સ.અ.વ.) ના મરકદે મોતહહર પાસે ઉભા રહી અલ્લાહ ની હમ્દો સના (તઅરીફ) કરે અને દોઆ માંગે.

૧૨. મકામે જિબ્રઇલ પાસે નમાઝ પઢે અને દોઆ માંગે.

૧૩. જ્યાં સુધી શક્ય હોય મેહરાબે રસૂલ (સ.અ.વ.) માં નમાઝ પઢે.

૧૪. મસ્જીદ માં અવાજ મોટો ન કરવો જોઇએ.

૧૫. સુતૂને અબુ લોબાબા પાસે બે (૨) રકઅત નમાઝ પઢે અને દોઆ માંગે.

૧૬. રસૂલે અકરમ (સ.અ.વ.) ના રૌઝા મુબારક માં અને તેમજ ખાનએ ફાતેમાં ઝહરા (સ.અ.) માં નમાઝ પઢવી અને દોઆ માંગવી મુસ્તહબ છે અને અગર આ જગ્યાઓ ઉપર ગુંજાઇશ ન હોય તો તેની સૌથી નજીક જગ્યા પર નમાઝ અને દોઆ પઢે.

# મુસ્જીદે કુબા

રસૂલે અકરમ (સ.અ.વ.) એ સોમવાર ૧૨ રબીઉલ અવ્વલ ના દિવસે મક્કા થી મદીના હિજરત કરતી વખતે રસ્તા માં કુબા ગામ માં - જે મદીના ની દક્ષિણ દિશા તરફ ૫ કિલોમીટર દૂર છે - દાખલ થયા, અને જુમ્આ સુધી ત્યાં જ ઠહેરયા કે જેથી મક્કા માં અલી (અ.સ.) લોકો સુધી તેમની અમાનત પહોંચાડી આપે જે રસૂલ (સ.અ.વ.) પાસે હતી. અને બીજા કામો પતાવ્યા બાદ રસૂલ (સ.અ.વ.) ના ઘરવાળાઓ સાથે આપ (સ.અ.વ.) થી આવીને મળી જાય. અને બીજી તરફ મદીના વાસીઓ પણ રસૂલ (સ.અ.વ.) ના સ્વાગત માટે તૈયાર થઇ જાય. આઁ હઝરત (સ.અ.વ.) એ આ ચાર (૪) દિવસોની કયામ માં મુસલમાનો ની મદદ થી એક મસ્જીદ ચણી. તેની જમીન કુબાવાસીઓ એ હદિયો કરી. રસૂલ (સ.અ.વ.) એ પોતાના નેઝા ની મદદ થી તેની સીમા નક્કી કરી. કહે છે કે તેની દરેક રેખા ૬૬ ગજ હતી.

આ મસ્જીદ બનાવવા માં બીજા લોકો ની જેમ રસૂલ (સ.અ.વ.) પણ શામેલ હતા. પત્થર વિગેરે ઉપાડી ને લાવતા અને બધા જેટલું જ કામ કરતા હતા. અમુક લોકો કહેતા કે આપ એક બાજુ બેસી જાઓ અમને હુક્મ કરતા રહેજો. તો ફરમાવ્તા હતાઃ

**કદ અફ્લહ મન્ યઅ્મોરૂલ્ મસાજેદા યક્રઉલ્ કુર્આન કાએમન્ વ કાએદન્**

**જે મસ્જીદ ચણાવે છે અને કયામ (ઉઠે) અને કોઉદ (બેસે) સાથે તેમાં કુરઆન પઢે છે તે સફળ છે.**

સૂરએ તૌબા ની એકસો આઠ (૧૦૮) મી આયત આ જ મસ્જીદ વિષે નાઝિલ થઇ છે.

## લમસ્જેદુન્ ઉસ્સેસ અલત્ તક્વા મિન્ અવ્વલે યવ્મિન્ અહક્કો અન્ તકૂમ ફીહે, ફીહે રેજાલુન્ યોહિબ્બૂન અંય્ યતતહ્હરૂ વલ્ લાહો યોહિબ્બુલ્ મુત્તહ્હેરીન

મસ્જીદે કુબા ની ઘણી વાર વિસ્તરણ અને મરમ્મત કરવા માં આવી છે કેમકે મુસલમાનો ની નજર માં તેનો ઘણો માન છે. દર સોમવારે રસૂલ (સ.અ.વ.) મસ્જીદે કુબા જતાં અને નમાઝ પઢતા. આપ (સ.અ.વ.) થી જ મનકૂલ છે કે

**જે શખસ પોતાના ઘરે થી વુઝુ કરી મસ્જીદે કુબા જાય અને બે (૨) રકઅત નમાઝ બજાવી લાવે તેના માટે એક ઉમરહ નો સવાબ લખવા માં આવે છે.**

ઇમામ સાદિક (અ.સ.) એ ફરમાવ્યું કે

**મદીના ની આજુબાજુ ની મસ્જીદો અને મશાહિદોમાં જાઓ તો પહેલે મસ્જીદે કુબા માં જાઓ અને જ્યાં સુધી બની શકે ત્યાં નમાઝ પઢો.**

## અઅમાલે મસ્જીદે કુબા

દાખલ થઇ બે (૨) રકઅત નમાઝ એહતેરામે મસ્જીદ

બજાવી લાવે. પછી તસ્બીહે ફાતેમા ઝહરા (સ.અ.) પઢે. અને ઝિયારતે જામેઆ પઢે ત્યાર બાદ દોઆ માંગે. બેહતર છે કે નીચે પ્રમાણે દોઆ માંગેઃ

**અલ્લાહુમ્મ ઇન્નક કુલ્ત વ કવ્લોકલ્ હક્કો ફી કેતાબેકલ્ મુન્ઝલે અલા સદ્રે નબીય્યેકલ્ મુર્સલેઃ 'લમસ્જેદુન્ ઉસ્સેસ અલત્ તક્વા મિન્ અવ્વલે યવ્મિન્ અહક્કો અન્ તકૂમ ફીહે, ફીહે રેજાલુન્ યોહિબ્બૂન અંય્ યતતહ્હરૂ વલ્લાહો યોહિબ્બુલ્ મુત્તહ્હેરીન' અલ્લાહુમ્મ તહ્હિર્ કોલૂબના મેનન્ નેફાકે વ અઅ્માલના મેનર્ રેયા વ ફોરૂજના મેનઝ્ ઝેના વ અલ્સેનતના મેનલ્ કિઝ્બે વલ્ ગીબતે વ અઅ્યોનના મેનલ્ ખેયાનતે ફઇન્નક તઅ્લમો ખાએનતલ્ અઅ્યોને વ મા તુખ્ફીસ્ સોદૂરો રબ્બના ઝલમ્ના અન્ફોસના વ ઇન્ લમ્ તગ્ફિર્ લના વ તર્હમ્ના લનકૂનન્ન મેનલ્ ખાસેરીન.**

આ મસ્જીદ પાછળ હઝરત અલી (અ.સ.) ની જગ્યા હતી અને સામે ખારા પાણીનો એક કૂવો હતો. આજે તેનું ક્યાંય નામો નિશાન નથી.

કહેવાય છે કે આ કૂવામાં રસૂલ (સ.અ.વ.) ની વીંટી

પડી ગઇ હતી તેથી તેને 'ચાહે અંગુશ્તર' (વીંટી વાળો કૂવો) કહેતા હતા. આજ કૂવો 'આબે દહાન' (થૂંક વાળો કૂવો) ના નામે મશહૂર છે. મનકૂલ છે કે આપ (સ.અ.વ.) એ આ કૂવા માં પોતાની લાળ (થૂંક) નાખી હતી જેને લીધે તેનું પાણી મીઠું થઇ ગયું.

ધ્યાન દેવા લાયક વાત છે કે ૯ હિજરી માં મુનાફેકીન ના એક સમૂહે એક મસ્જીદ બનાવી કે જેથી તેમાં ઇસ્લામ અને મુસલમાનો વિરૂદ્ધ શડયંત્રો કરી શકાય. રસૂલે (સ.અ.વ.) થી તેનું ઉદ્દ્ઘાટન અને બરકત રૂપે તેમાં નમાઝ પઢવાની વિનંતી કરી. રસૂલ (સ.અ.વ.) એ કહ્યું કે કોઇ મુનાસિબ મોકા ઉપર આ કામ કરીશું. પરંતુ આ આયત નાઝિલ થયા પછી મુનાફિકો ના મનસૂબા પર પાણી ફરી ગયું. અને રસૂલ (સ.અ.વ.) એ તેને તોડી નાખવા નો હુકમ આપ્યો.

**... વલ્ લઝીનત્ તખઝૂ મસ્જેદન્ ઝેરારન્ વ કુફ્રન્...**

# મસ્જીદે ઝુ-કિબ્લતૈન

પહેલી હિજરી ના છઠ્ઠા મહિના માં ઉમ્મે બશર ની દઅવત પર રસૂલ (સ.અ.વ.) મદીના ની ઉત્તર પશ્ચિમ દિશા તરફ કબીલા બની સાલિમ માં તશરીફ લઇ ગયા. અને હંમેશ ની જેમ ઝોહર ની બે (૨) રકઅત નમાઝ બૈતુલ મુકદ્દસ તરફ અદા કરી કે અલ્લાહ તરફ થી કાબા તરફ ફરી જવાનો હુક્મ આવી પહોંચ્યો તો આપ (સ.અ.વ.) એ બાકી નમાઝ કાબા તરફ રૂખ કરી અદા કરી. ત્યાર પછી થી કાબા હમેશા માટે મુસલમાનો નો કિબ્લો બની ગયો અને તેના જ કારણે આ મસ્જીદ ને ઝુ-કિબ્લતૈન (બે કિબ્લા વાળી) અથવા મસ્જીદે કિબ્લતૈન કહે છે. આ મસ્જીદ, મસ્જીદે ફતેહ ની પશ્ચિમ દિશા તરફ અમુક ફાસલા પર છે.

આ સંદર્ભ માં જે આયતો નાઝિલ થઇ છે તેમાંની એક આયત આ છે:

**કદ્ નરા તકલ્લોબ વજ્હેક ફીસ્ સમાએ ફલનોવલ્લેયન્નક કિબ્લતન્ તર્ઝાહા ફવલ્લે વજ્હક શત્રલ્ મસ્જેદિલ્ હરામે વ હય્સો મા કુન્તુમ્**

**ફવલ્લૂ વોજૂહકુમ્ શત્રહૂ...**

**એ રસૂલ (સ.અ.વ.) અમે તમારી નજરો આસમાન તરફ જોઇ રહ્યા છીએ - કે કિબ્લો મુકર્રર થાય એ સિલસિલા માં હુકમ ના ઇન્તેઝાર માં છો - હવે અમે આપ (સ.અ.વ.) ને તે કિબ્લા તરફ ફેરવી રહ્યા છે કે જેને આપ પસંદ કરતા હતા. આપ પોતા નું મોઢું મસ્જીદે હરામ ની તરફ ફેરવી લ્યો. જ્યાં પણ હો તે બાજુ ફરી જાઓ...**

આ મસ્જીદમાં બે (૨) મહેરાબો એક બીજા ની સામે સામે હતા - ઉત્તર દિશા તરફ અને દક્ષિણ દિશા તરફ - એક કાબા અને બીજા બૈતુલ મુકદ્દસ ની તરફ હતા. પરંતુ અફસોસ કે અમુક વર્ષો પહેલા જ્યારે આ મસ્જીદ ને વધારવા માં આવી તો ફક્ત એક મહેરાબ બાકી રખાયો અને આ બનાવ ની પહેલી નિશાની નષ્ટ કરી નાખવા માં આવી.

મસ્જીદે ઝુ-કિબ્લતૈન માં બે (૨) રકઅત નમાઝે એહતેરામે મસ્જીદ પઢવી મુસ્તહબ છે. બહેતર છે કે નમાઝ પછી આ દોઆ પઢે:

**અલ્લાહુમ્મ ઇન્ન હાઝા મસ્જેદુલ્ કિબ્લતૈને વ**

મોસલ્લા નબીય્યેના વ હબીબેના વ સય્યેદેના મોહમ્મદિન્ સલ્લલ્ લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ અલ્લાહુમ્મ ઇન્નક કુલ્ત વ કવ્લોકલ્ હક્કો ફી કેતાબેકલ્ મુન્ઝલે અલા સદ્રે નબીય્યેકલ્ મુર્સલે: ‘ કદ્ નરા તકલ્લોબ વજ્હેક ફીસ્ સમાએ ફલનોવલ્લેયન્નક કિબ્લતન્ તર્ઝાહા ફવલ્લે વજ્હક શત્રલ્ મસ્જેદિલ્ હરામે’ અલ્લાહુમ્મ કમા બલ્લગ્તના ફીદ્ દુન્યા ઝેયારતેહૂ વ માસેરહુશ્ શરીફતે ફલા તોહ્રિમ્ના યા અલ્લાહો ફીલ્ આખેરતે મિન્ ફઝ્લે શફાઅતે મોહમ્મદિન્ સલ્લલ્ લાહો અલય્હે વ આલેહી વ સલ્લમ વહ્શુર્ના ફી ઝુમ્રતેહી વ તહ્તે લેવાએહી વ અમિત્ના અલા મહબ્બતેહી વ સુન્નતેહી વસ્કેના મિન્ હઝેહિલ્ મવ્રેદે બેયદેહિશ્ શરીફતે શુર્બતન્ હનીઅતન્ મરીઅતન્ લા નઝ્મઓ બઅ્દહા અબદન્ ઇન્નક અલા કુલ્લે શય્ઇન્ કદીરુન્.

# મસ્જીદે ફત્હ - મસ્જીદે અહઝાબ

સિલે પહાડ ની આજુબાજુ અમુક નાની-નાની મસ્જીદો છે. જે જંગે ખંદક ના નકશા ની તરફ સંકેત કરે છે. લશ્કરે ઇસ્લામ નો વસવાટ આ જ જગ્યા પર હતો. પછી ત્યાં એક મસ્જીદ બનાવવા માં આવી કે જે મસ્જીદે ફતેહ ના નામ થી મશહૂર છે. મસ્જીદ ચણવા નુ બીજુ કારણ એ આપવા માં આવે છે કે રસૂલે અકરમ (સ.અ.વ.) એ આ જ જગ્યાએ મુસલમાનો ની ફતેહ માટે દોઆ કરી હતી અને અહીંયાં જ રસૂલ (સ.અ.વ.) ને મુસલમાનો ની સફળતા ની ખબર મળી હતી.

આ જ જગ્યા ઉપર હઝરત અલી બિન અબી તાલિબ (અ.સ.) ના મુબારક હાથે અરબ નો નામી પહેલવાન અમ્ર બિન અબ્દવુદ માર્યો ગયો હતો. લખ્યું છે કે આ મુબારક પ્રસંગે રસૂલ (સ.અ.) એ ફરમાવ્યું:

**ઝર્બતો અલીય્યિન્ યવ્મલ્ ખન્દકે ખય્રૂમ્ મિન્ એબાદતિસ્ સકલૈને.**

**ખંદક ના દિવસ ની અલી ની ઝરબત જિન્નો ઇન્સ ની ઇબાદત થી અફઝલ છે.**

મુસ્તહબ છે કે બે (૨) રકઅત નમાઝે એહતેરામે મસ્જીદ પઢી લીધા પછી નીચે ની દોઆ પઢેઃ

**યા સરીખલ્ મક્રૂબીન વ યા મોજીબ દઅ્વતિલ્ મુઝ્તર્રીન વ યા મોગીસલ્ મહ્મૂમીન ઇક્શિફ્ અન્ની ઝુર્રી વ હમ્મી વ કર્બી વ ગમ્મી કમા કશફ્ત અન્ નબીય્યેક સલ્લલ્ લાહો અલય્હે વ આલેહી હમ્મહૂ વ કફય્તહૂ હવ્લ અદૂવ્વેહી વક્ફેની મા અહમ્મની મિન્ અમ્રિદ્ દુન્યા વલ્ આખેરતે યા અર્હમર્ રાહેમીન.**

મસ્જીદે ફતેહ ની પાસે અમુક નાની નાની મસ્જીદો માં મસ્જીદે અલી (અ.સ.), મસ્જીદે ફાતેમા (અ.સ.), મસ્જીદે સલમાન, મસ્જીદે ઉમર અને મસ્જીદે અબુ બકર નો સમાવેશ થાય છે. બહેતર છે કે દરેક મસ્જીદમાં બે (૨) રકઅત નમાઝે એહતેરામે મસ્જીદ પઢે.

# મસ્જીદે એજાબા માં દોઆ

મસ્જીદે એજાબા જ મસ્જીદે મુબાહેલા છે. ૨૪ ઝીલહજ્જ ના દિવસે આ જ જગ્યા ઉપર રસૂલ (સ.અ.વ.) એ નજરાન ના નસારાઓ સાથે મુબાહેલા કર્યો હતો. મસ્જીદે એજાબા માં બે (૨) રકઅત નમાઝે એહતેરામે મસ્જીદ પછી નીચે ની દોઆ પઢેઃ

**અલ્લાહુમ્મ ઇન્ની અસ્અલોક સબ્રશ્ શાકેરીન લક વ અમલલ્ ખાએફીન મિન્ક વ યકીનલ્ આબેદીન લક અલ્લાહુમ્મ અન્તલ્ અલીય્યુલ્ અઝીમો વ અના અબ્દોકલ્ બાએસુલ્ ફકીરો અન્તલ્ ગનીય્યુલ્ હમીદો વ અનલ્ અબ્દુઝ્ ઝલીલો અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદિન્ વ આલે મોહમ્મદિન્ વમ્નુન્ બેગેનાક અલા ફક્રી વ બેહિલ્મેક અલા જહ્લી વ બેકુવ્વતેક અલા ઝઅ્ફી યા કવીય્યો યા અઝીઝો અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદિન્ વ આલેહિલ્ અવ્સેયાઇલ્ મર્ઝીય્યીન વક્ફેની મા અહમ્મની મિન્ અમ્રિદ્ દુન્યા વલ્ આખેરતે યા અર્હમર્ રાહેમીન.**

# મદીનએ મુનવ્વરા ના અઅમાલ

## રસૂલ (સ.અ.), ફાતેમહ (અ.સ.) અને બકીઅ માં દફન ઇમામો (અ.સ.) ની ઝિયારત ની ફઝીલત

સામાન્ય લોકો, ખાસ કરીને હાજીયો માટે, મુસ્તહબે મુવક્કેદા છે કે હઝરત સૈયદુલ મુરસલીન મોહમ્મદ બિન અબ્દુલ્લાહ (સ.અ.વ.) ના રોઝા ની ઝિયારત થી મુશર્રફ થાય અને આઁ હઝરત (સ.અ.વ.) ની ઝિયારત ન કરવી આપ (સ.અ.વ.) ના હુકૂક માં અન્યાય કર્યો કહેવાય.

શેખ શહીદ ફરમાવે છેઃ અગર લોકો આઁ હઝરત (સ.અ.વ.) ની ઝિયારત કરવા ન જતાં હોય તો ઇમામ ઉપર વાજીબ છે કે તેઓ લોકો ને આઁ હઝરત (સ.અ.વ.) ની ઝિયારત પર જવા માટે મજબૂર કરે. કારણ કે આઁ હઝરત (સ.અ.વ.) ની ઝિયારત ન કરવી અન્યાય કરવા જેવું છે જે હરામ છે.

શેખે સદૂક (રેહ.) એ ઇમામ સાદિક (અ.સ.) થી રિવાયત કરી છે કે આપ (અ.સ.) એ ફરમાવ્યું:

**જ્યારે તમારામાંથી કોઇ હજ્જ કરે તો તેના પર જરૂરી છે કે તે પોતાની હજ્જ અમારી ઝિયારત પર તમામ કરે. કારણ કે તેમ કરવા થી જ હજ્જ પૂર્ણ થાય છે. તેમણે જ અમીરૂલ મોઅમેનીન (અ.સ.) થી રિવાયત કરી છે કે આપ (અ.સ.) એ ફરમાવ્યું: તમારી હજ્જ રસૂલ (સ.અ.) ની ઝિયારત પર તમામ કરો, કારણ કે હજ્જ પછી આઁ હઝરત (સ.અ.વ.) ની ઝિયારત ન કરવી આપ (સ.અ.વ.) પર અન્યાય કરવા જેવું છે અને આપ (સ.અ.વ.) નો અનાદર કરવા જેવું છે. તમને આમ કરવા નો હુક્મ આપવા માં આવ્યો છે. તે કબરો ની ઝિયારત પર જાઓ જેનો ખુદાએ તમારા ઉપર હક્કે ઝિયારત વાજીબ કરાર દિધો છે. આ જ કબરો પાસે ખુદા થી રોઝી તલબ કરો.**

અબુ સલ્તે હરવી થી રિવાયત છે કે તેમણે કહ્યું: મેં હઝરત ઇમામ રઝા (અ.સ.) ની ખિદમત માં વિનંતી કરી કે આપ (અ.સ.) આ રિવાયત વિષે શું ફરમાવો છો જેને લોકો બયાન કરે છે, કે જન્નત માં મોઅમેનીન પોત પોતા ની જગ્યાએ થી પરવરદિગાર ની ઝિયારત કરશે ? (હદીસનો સાચો અર્થ શું છે ?) ઇમામ (અ.સ.) એ જવાબ માં ફરમાવ્યું:

**એ અબુ સલ્ત ! અલ્લાહ તઆલા એ પોતાના રસૂલ હઝરત મોહમ્મદ (સ.અ.વ.) ને પોતાની તમામ મખ્લૂક - નબીયો અને ફરિશ્તાઓ - થી અફઝલ કરાર દિધા છે અને તેમની ઇતાઅત ને પોતાની ઇતાઅત, તેમની બૈઅત ને પોતાની બૈઅત અને તેમની ઝિયારત ને પોતાની ઝિયારત કહી છે. જેમ કે ઇર્શાદ થાય છે:**

**મંય્ યોતેઇર્ રસૂલ ફકદ્ અતાઅલ્ લાહ.**

**અને ફરમાવ્યું:**

## ઇન્નલ્ લઝીન યોબાયેઊનક ઇન્નમા યોબાયેઊનલ્ લાહ યદુલ્ લાહે ફવ્ક અય્દીહીમ્.

રસૂલે અકરમ (સ.અ.વ.) એ ફરમાવ્યું:

**જે શખસ મારી હયાતી માં અથવા રેહલત પછી મારી ઝિયારત કરશે જાણે તેને ખુદા ની ઝિયારત કરી.**

હીમ્યરીએ 'કર્બુલ અસ્નાદ' માં હઝરત ઇમામ જઅફર સાદિક (અ.સ.) થી રિવાયત કરી છે કે આપ (અ.સ.) એ ફરમાવ્યું કે

**રસૂલે ખુદા (સ.અ.વ.) એ ફરમાવ્યું, ''જે શખસ મારી હયાતી માં અથવા રહેલત પછી મારી ઝિયારત કરે, કયામત ના દિવસે, તેની શફાઅત કરીશ.''**

એક હદીસ માં આવ્યું છે કે એક ઇદ ના દિવસે ઇમામ સાદિક (અ.સ.) મદીના માં હતા. રસૂલે અકરમ (સ.અ.વ.) ની ઝિયારત કરવા તશરીફ લઇ ગયા અને હઝરત (સ.અ.વ.) ને સલામ કરી અને ફરમાવ્યું:

**'અમને રસૂલ (સ.અ.વ.) ના કારણે દરેક શહેર ના રહેવાસીઓ - મક્કા હોય કે ગૈરે મક્કા - ઉપર ફઝીલત અને પ્રધાનતા પ્રાપ્ત છે.'**

મરહૂમ શેખે તૂસી (અ.ર.) એ પોતાની કિતાબ 'તહઝીબ' માં યઝીદ બિન અબ્દુલ મલિક થી અને તેમણે

પોતાના પિતા અને દાદા થી રિવાયત કરી છે કે તેમણે ફરમાવ્યું:

'હું હઝરત ફાતેમહ (સ.અ.) ની ખિદમત માં હાજર થયો તો આપ (સ.અ.) એ મને સલામ કરવામાં પહેલ કરી અને પછી પૂછયું: **કેમ આવ્યા છો?** મેં કહ્યું: સવાબ અને બરકત ની ચાહત માં આવ્યો છું. તેમણે ફરમાવ્યું:

**મને મારા વાલિદે ખબર આપી છે કે જે શખસ ત્રણ દિવસ મને અને તેમને સલામ કરે ખુદાવન્દે આલમ તેના ઉપર જન્નત વાજીબ કરી દે છે.**

મેં પૂછયું: આપ અને તેમની હયાતી માં? તેમણે ફરમાવ્યું:

**હાઁ! અને તેમજ અમારી રેહલત પછી પણ.'**

અલ્લામા મજલિસી (રેહ.) કહે છે કે અબ્દુલ્લાહ બિન અબ્બાસ થી મોતબર હદીસ માં છે કે રસૂલ (સ.અ.) એ ફરમાવ્યું:

**જે શખ્સ બકીઅ માં હસન (અ.સ.) ની ઝિયારત કરશે તો તે દિવસે સેરાત પર સાબિત કદમ રહેશે જે દિવસે લોકો ના કદમ લપસી જતાં હશે.**

મકના માં હઝરત ઇમામ સાદિક (અ.સ.) થી મરવી છે કે આપ (અ.સ.) એ ફરમાવ્યું:

**'જે શખ્સ મારી ઝિયારત કરશે તેના ગુનાહ બખ્શી દેવામાં આવશે. અને ફિકર તથા પરેશાની ની હાલત માં નહી મરશે.'**

ઇબ્ને કુલ્વય્હ (રેહ.) એ 'કામેલુઝ ઝિયારત' માં હિશામ બિન સાલિમ દ્વારા ઇમામ સાદિક (અ.સ.) થી રિવાયત કરી છે જેના અમુક વાક્યો નીચે મુજબ છેઃ

એક શખ્સ ઇમામ સાદિક (અ.સ.) ની ખિદમત માં હાજર થયો અને કહ્યુંઃ શું આપ (અ.સ.) ના વાલિદ ની ઝિયારત કરવી જોઇએ? ઇમામ (અ.સ.) એ ફરમાવ્યુંઃ હાઁ. તે શખ્સે ફરી પૂછયુંઃ તેમની ઝીયારત નો શું ફાયદો છે? ઇમામ (અ.સ.) એ ફરમાવ્યુંઃ

**ઝવ્વાર માટે જન્નત છે પણ શર્ત એ છે કે અમારી ઇમામત પર અકીદો રાખતો હોય અને ઇતાઅત કરતો હોય.**

પેલા શખસે પૂછયુંઃ જે તેમની ઝિયારત ન કરતો હોય તેનું શું થશે?' ઇમામ (અ.સ.) એ ફરમાવ્યુંઃ

**કયામત ના દિવસે હસરત તેનું મુકદ્દર હશે...'**

આ વિષે હજી ઘણી હદીસો વારિદ થઇ છે.

# ઝિયારત માટે ઇઝ્ને દોખૂલ (દાખલ થવા ની પરવાનગી)

મરહૂમ શેખ કફઅમી (રેહ.) કહે છેઃ જ્યારે તમે મસ્જીદે નબવી અથવા ઇમામો (અ.સ.) માં થી કોઇ ઇમામ (અ.સ.) ના હરમ માં દાખલ થવાનો ઇરાદો કરો તો કહોઃ

**અલ્લાહુમ્મ ઇન્ની વફક્તો અલા બાબિન્ મિન્ અબ્વાબે બોયૂતે નબીય્યેક સલવાતોક અલય્હે વ આલેહી વ કદ મનઅ્તન્નાસ અંય્ યદખોલૂ ઇલ્લા બેઇઝ્નેહી ફકુલ્ત યા અય્યોહલ્લઝીન આમનુ લા તદખોલૂ બોયૂતન્નબીય્યે ઇલ્લા અંય્ યોઅ્ઝન લકુમ્ અલ્લાહુમ્મ ઇન્ની અઅ્તકેદો હુરમત સાહેબે હાઝલ્ મશહદિશ્ શરીફે ફી ગય્બતેહી કમા આતકેદોહા ફી હઝ્રતેહી વ અઅ્લમો અન્ન રસૂલક વ ખોલફાએક અલય્હેમુસ્ સલામો અહ્યાઉન્ ઇન્દક યુર્ઝકૂન યરબ્ન મકામી વ યસ્મઊન કલામી વ યરૂદ્દૂન સલામી વ અન્નક**

**હજબ્ત અન્ સમ્ઇ કલામહુમ્ વ ફતહ્ત બાબ ફહ્મી બેલઝીઝે મોનાજાતેહિમ્ વ ઇન્ની અસ્તઅ્ઝેનોક યા રબ્બે અવ્વલન્ વ અસ્તઅ્ઝેનો રસૂલક સલ્લલ્લાહો અલય્હે વ આલેહી સાનેયન્ વ અસ્તઅ્ઝેનો ખલીફતકલ્ ઇમામલ્ મફરૂઝ અલય્ય તાઅતોહૂ (ફોલાન્ ઇબ્ને ફોલાન્)**

અહિં **ફોલાન્ ઇબ્ને ફોલાન્** ની જગ્યાએ પોતે જે ઇમામની ઝિયારત કરતા હોય તે ઇમામનું નામ તેમના વાલિદે માજિદ સાથે લ્યે. જેમકે ઇમામ હુસયન (અ.સ.) ની ઝિયારત માટે હરમમાં જઇ રહ્યો હોય તો **ફોલાન્** ની જગ્યાએ **હુસયન ઇબ્ને અલી (અ.સ.)** બોલે, તેવીજ રીતે બીજા ઇમામો ની ઝીયારત ના વખતે એ ઇમામનું નામ તેમના વાલિદે માજિદના નામ સાથે લ્યે. જેમકે **અલી બિન મુસર રઝા (અ.સ.)** વિગેરે વિગેરે અને પછી બોલે:

**વલ્ મલાએકતલ્ મોવક્કેલીન બેહાઝેહિલ્ બુક્અતિલ્ મોબારકતે સાલેસન્ અ-અદ્ખોલો**

**યા રસૂલલ્ લાહે? અ-અદ્ખોલો યા હુજ્જતલ્ લાહે? અ-અદ્ખોલો યા મલાએકતલ્ લાહિલ્ મોકર્રબીનલ્ મોકીમીન ફી હાઝલ્ મશ્હદે? ફઅ્ઝન્ લી યા મવ્લાય ફિદ્ દોખૂલે અફઝલ મા અઝિન્ત લેઅહદિમ્ મિન અવ્લેયાએક ફઇન્ અકુન્ અહ્લન્ લેઝાલેક ફઅન્ત અહ્લુન્ લેઝાલેક.**

પછી ચોખટ નો બોસો લઇને અંદર દાખલ થતી વખતે આ મુજબ પઢતો જાયઃ

**બિસ્મિલ્ લાહે વ બિલ્લાહે વ ફી સબીલિલ્ લાહે વ અલા મિલ્લતે રસૂલિલ્ લાહે સલ્લલ્ લાહો અલય્હે વ આલેહિ અલ્લાહુમ્મગ્ફિર લી વર્હમ્ની વ તુબ્ અલય્ય ઇન્નક અન્તત્ તવ્વાબુર્ રહીમ.**

# રસૂલે અકરમ (સ.અ.વ.) ની પહેલી ઝિયારત

જ્યારે મદીના મુનવ્વરા પહોંચો ત્યારે પહેલાં ઝિયારત માટેનું ગુસલ કરો. જ્યારે આં હઝરત (સ.અ.વ.) ની મસ્જીદ માં દાખલ થાવ તો મસ્જીદ ના દરવાજા પર થોભી ને શરૂમાં પહેલું ઇઝ્ને દુખૂલ (દાખલ થવા ની પરવાનગી) પઢો (જે આગળ આપી ચુક્યા છીએ) તે પછી જિબ્રઇલ (અ.સ.) વાળા દરવાજા (બાબે જિબ્રઇલ) થી દાખલ થાવ. પહેલાં પોતાનો જમણો પગ અંદર મૂકો અને દાખલ થતી વખતે સો (૧૦૦) વખત **'અલ્લાહો અકબર'** પઢો. પછી 'તહીયતે મસ્જીદ' ની બે (૨) રકઅત નમાઝ અદા કરો અને પછી હુજરા શરીફ ની તરફ જાવ અને પોતાના હાથ ને તેના પર લગાડી ને ચૂમો અને પઢો:

**અસ્સલામો અલય્ક યા રસૂલલ્ લાહે અસ્સલામો અલય્ક યા નબીય્યલ્ લાહે અસ્સલામો અલય્ક યા મોહમ્મદબ્ન અબ્દિલ્ લાહે અસ્સલામો અલય્ક કદ્ બલ્લગ્તર્ રેસાલત વ અકમ્તસ્ સલાત વ**

**આતય્તઝ્ ઝકાત વ અમર્ત બિલ્ મઅ્રૂફે વ નહય્ત અનિલ્ મુન્કરે વ અબદ્તલ્ લાહ મુખ્લેસન્ હત્તા અતાકલ યકીનો ફસલવાતુલ્ લાહે અલય્ક વ રહ્મતોહુ વ અલા અહ્લે બય્તેકત્ તાહેરીન.**

પછી એ થાંભલા ની નજીક જે કબર મુબારક ની જમણી બાજુ છે, કિબ્લા ની તરફ મ્હોં કરી ને ડાબો ખભો કબર મુબારક ની તરફ અને જમણો ખભો મિમ્બર ની તરફ હોય કે જ્યાં રસૂલે ખુદા (સ.અ.વ.) ના સર મુબારક નું મુકામ છે ત્યાં ઉભા રહીને પઢેઃ

**અશહદો અન્ લા એલાહ ઇલ્લલ્ લાહો વહ્દહુ લા શરીક લહુ વ અશહદો અન્ન મોહમ્મદન્ અબ્દોહુ વ રસૂલોહુ વ અશહદો અન્નક રસૂલુલ્ લાહે વ અન્નક મોહમ્મદુબ્નો અબ્દિલ્ લાહે વ અશહદો અન્નક કદ્ બલ્લગ્ત રેસાલાતે રબ્બેક વ નસહ્ત લેઉમ્મતેક વ જાહદ્ત ફી સબીલિલ્ લાહે વ અબદ્તલ્ લાહ હત્તા અતાકલ્ યકીનો બિલ્ હિક્મતે વલ્ મવ્એઝતિલ્ હસનતે વ અદ્દય્તલ્**

લઝી અલય્ક મેનલ્ હક્કે વ અન્નક કદ્ રઉફ્ત બિલ્ મોઅ્મેનીન વ ગલુઝ્ત અલલ્ કાફેરીન ફબલગલ્ લાહો બેક અફઝલ શરફે મહલ્લિલ્ મોકર્રમીન અલ્ હમ્દો લિલ્લાહિલ્ લઝીસ્ તન્કઝના બેક મેનશ્ શિર્કે વઝ્ ઝલાલતે અલ્લાહુમ્મ ફજ્અલ્ સલવાતેક વ સલવાતે મલાએકતેકલ્ મોકર્રબીન વ અમ્બેયાએકલ્ મુર્સલીન વ એબાદેકસ્ સાલેહીન વ અહ્લિસ્ સમાવાતે વલ્ અરઝીન વ મન્ સબ્બહ લક યા રબ્બલ્ આલમીન મેનલ્ અવ્વલીન વલ્ આખેરીન અલા મોહમ્મદિન્ અબ્દેક વ રસૂલેક વ નબીય્યેક વ અમીનેક વ નજીય્યેક વ હબીબેક વ સફીય્યેક વ ખાસ્સતેક વ સફ્વતેક વ ખેયરતેક મિન્ ખલ્કેક અલ્લાહુમ્મ અઅ્તેહિદ્ દરજતર્ રફીઅત વ આતેહિલ્ વસીલત મેનલ્ જન્નતે વબ્અસ્હો મકામન્ મહ્મૂદન્ યગ્બેતોહુ બેહિલ્ અવ્વલૂન વલ્ આખેરૂન અલ્લાહુમ્મ ઇન્નક કુલ્ત વ લવ્ અન્નહુમ્

**ઇઝ્ ઝલમૂ અન્ફોસહુમ્ જાઊક ફસ્તગ્ફરૂલ્ લાહ વસ્તગ્ફર લહોમુર્ રસૂલો લવજદુલ્ લાહ તવ્વાબન્ રહીમા વ ઇન્ની અતય્તોક મુસ્તગ્ફેરન્ તાએબન્ મિન્ ઝોનૂબી વ ઇન્ની અતવજ્જહો બેક એલલ્ લાહે રબ્બી વ રબ્બેક લેયગ્ફેર લી ઝોનૂબી.**

પછી કિબ્લા રૂ થઇ જાવ. કબર મુબારક ખબા ની પાછળ થઇ જશે, પોતાની હાજત તલબ કરો ઇન્શાઅલ્લાહ પૂરી થઇ જશે.

પછી રસૂલે અકરમ (સ.અ.વ.) થી મખસૂસ આ સલવાત પઢેઃ

**અલ્લાહુમ્મ સલ્લે અલા મોહમ્મદિન્ કમા હમલ વહ્યક વ બલ્લગ રેસાલાતેક વ સલ્લે અલા મોહમ્મદિન્ કમા અહલ્લ હલાલક વ હર્રમ હરામક વ અલ્લમ કેતાબક વ સલ્લે અલા મોહમ્મદિન્ કમા અકામસ્ સલાત વ આતઝ્ ઝકાત વ દઆ એલા દીનેક વ સલ્લે અલા મોહમ્મદિન્ કમા સદ્દક બેવઅ્દેક વ અશ્ફક મિન**

વઇદેક વ સલ્લે અલા મોહમ્મદિન્ કમા ગર્ફ્ત બેહિઝ્ ઝોનૂબ વ સતર્ત બેહિલ્ ઓયૂબ વ ફર્રજ્ત બેહિલ્ કોરૂબ વ સલ્લે અલા મોહમ્મદિન્ કમા દફઅ્ત બેહિશ્ શકાઅ વ કશફ્ત બેહિલ્ ગમ્માઅ વ અજબ્ત બેહિદ્ દોઆઅ વ નજ્જય્ત બેહિ મેનલ્ બલાએ વ સલ્લે અલા મોહમ્મદિન્ કમા રહિમ્ત બેહિલ્ એબાદ વ અહ્યય્ત બેહિલ્ બેલાદ વ કસમ્ત બેહિલ્ જબાબેરત વ અહ્લક્ત બેહિલ્ ફરાએનત વ સલ્લે અલા મોહમ્મદિન્ કમા અઝ્અફ્ત બેહિલ્ અમ્વાલ વ અહ્રઝ્ત બેહિ મેનલ્ અહ્વાલે વ કસર્ત બેહિલ્ અસ્નામ વ રહિમ્ત બેહિલ્ અનામ વ સલ્લે અલા મોહમ્મદિન્ કમા બઅસ્તહુ બેખય્રિલ્ અદ્યાને વ અઅ્ઝઝ્ત બેહિલ્ ઇમાન વ તબ્બર્ત બેહિલ્ અવ્સાન વ અઝ્ઝમ્ત બેહિલ્ બય્તલ્ હરામ વ સલ્લે અલા મોહમ્મદિન્ વ અહ્લે બય્તેહિત્ તાહેરીનલ્ અખ્યારે વ સલ્લિમ્ તસ્લીમન્.

# ઝિયારત ની નમાઝ અને તેના પછી ની દોઆ

બે (૨) રકઅત નમાઝે ઝિયારત પઢે અને તેનો સવાબ હઝરત રસૂલે અકરમ (સ.અ.વ.) ને હદિયો કરે. નમાઝ પછી આ દોઆ પઢે:

**અલ્લાહુમ્મ ઇન્ની સલ્લય્તો વ રકઅ્તો વ સજદ્તો લક વહ્દક લા શરીક લક લેઅન્નસ્ સલાત વર્ રોકૂઅ વસ્ સોજૂદ લા તકૂનો ઇલ્લા લક લેઅન્નક અન્તલ્ લાહુલ્ લઝી લા એલાહ ઇલ્લા અન્ત અલ્લાહુમ્મ વ હાતાનિર્ રક્અતાને હદીય્યતુમ્ મિન્ની એલા સય્યદી વ મવ્લાય રસૂલિલ્ લાહે સલ્લલ્ લાહો અલય્હે વ આલેહી ફતકબ્બલ્હોમા મિન્ની બેઅહ્સને કબૂલેક વાજુર્ની અલા ઝાલેક બેઅફ્ઝલે અમલી વ રજાઈ ફીક વ ફી રસૂલેક યા વલીય્યલ્ મોઅ્મેનીન.**

# રસૂલે અકરમ (સ.અ.વ.) ની બીજી ઝિયારત

પહેલી ઝિયારત માં બયાન થયા મુજબ શરૂઆત ની ચીજો બજાવી લાવે જેમકે સો (૧૦૦) વખત **'અલ્લાહો અકબર'** કહેવું, બે (૨) રકઅત નમાઝે એહતેરામ પઢવી વગેરે. ત્યાર બાદ બાલાએ સર તરફ હુજરા તરફ મોઢું કરી ઉભો રહે અને કહે:

**અસ્સલામો અલય્ક યા રસૂલલ્ લાહે અસ્સલામો અલય્ક યા નબીય્યલ્ લાહે અસ્સલામો અલય્ક યા મોહમ્મદબ્ન અબ્દિલ્ લાહે અસ્સલામો અલય્ક યા ખાતમન્ નબીય્યીન અશહદો અન્નક કદ્ બલ્લગ્તર્ રેસાલત વ અકમ્તસ્ સલાત વ આતય્તઝ્ ઝકાત અમર્ત બિલ્ મઅ્રૂફે વ નહય્ત અનિલ્ મુન્કરે વ અબત્તલ્ લાહ મુખ્લેસન્ હત્તા અતાકલ્ યકીન ફસલવાતુલ્ લાહે અલય્ક વ રહ્મતોહૂ વ અલા અહ્લે બય્તેકત્ તાહેરીન.**

પછી કહે:

**અસ્સલામો અલય્ક યા રસૂલલ્ લાહે અસ્સલામો અલય્ક યા નબીય્યલ્ લાહે અસ્સલામો અલય્ક યા ખલીલલ્ લાહે અસ્સલામો અલય્ક યા સફીય્યલ્ લાહે અસ્સલામો અલય્ક યા રહ્મતલ્ લાહે અસ્સલામો અલય્ક યા ખેયરતલ્ લાહે અસ્સલામો અલય્ક યા હબીબલ્ લાહે અસ્સલામો અલય્ક યા નજીબલ્ લાહે અસ્સલામો અલય્ક યા ખાતમન્ નબીય્યીન અસ્સલામો અલય્ક યા સય્યેદલ્ મુર્સલીન અસ્સલામો અલય્ક યા કાએમન્ બિલ્ કિસ્તે અસ્સલામો અલય્ક યા ફાતેહલ્ ખય્રે અસ્સલામો અલય્ક યા મઅ્દેનલ્ વહ્યે વત્ તન્ઝીલે અસ્સલામો અલય્ક યા મોબલ્લેગન્ અનિલ્ લાહે અસ્સલામો અલય્ક અય્યોહસ્ સેરાજુલ્ મોનીરો અસ્સલામો અલય્ક યા મોબશ્શેરો અસ્સલામો અલય્ક યા નઝીરો અસ્સલામો અલય્ક યા મુન્ઝેરો અસ્સલામો અલય્ક યા નૂરલ્ લાહિલ્ લઝી યુસ્તઝાઓ બેહિ**

અસ્સલામો અલય્ક વ અલા અહ્લે બય્તેકત્ તય્યેબીનત્ તાહેરીનલ્ હાદીનલ્ મહ્દીય્યીન અસ્સલામો અલય્ક વ અલા જદ્દેક અબ્દિલ્ મુત્તલેબે વ અલા અબીક અબ્દિલ્ લાહે ક્ર અલા ઉમ્મેક આમેનત બિન્તે વહબિન્ અસ્સલામો અલા અમ્મેક હમ્ઝત સય્યેદિશ્ શોહદાએ અસ્સલામો અલા અલા અમ્મેક વ કફીલેક અબી તાલેબિન્ અસ્સલામો અલબ્ને અમ્મેક જઅ્ફરેનિત્ તય્યારે ફી જેનાનિલ્ ખુલ્કે અસ્સલામો અલય્ક યા મોહમ્મદો અસ્સલામો અલય્ક યા અહ્મદો અસ્સલામો અલય્ક યા હુજ્જતલ્ લાહે અલલ્ અવ્વલીન વલ્ આખેરીન વસ્ સાબેક ફી તાઅતે રબ્બિલ્ આલમીન વ અશ્હદો અન્નક કદ્ બલ્લગ્ત રેસાલાતે રબ્બેક વ નસહ્ત લેઉમ્મતેક વ જાહદ્ત ફી સબીલે રબ્બેક વ સદઅ્ત બેઅમ્રેહિ વહ્તમલ્તલ્ અઝા ફી જમ્બેહિ વ દઅવ્ત એલા સબીલેહિ બિલ્ હિક્મતે વલ્ મવ્એઝતિલ્ હસનતિલ્ જમીલતે વ અદ્દય્તલ્ હક્કલ્ લઝી કાન

**અલય્ક વ અન્નક કદ્ રઉફ્ત બિલ્ મોઅ્મેનીન વ ગલુઝ્ત અલલ્ કાફેરીન વ અબદ્તલ્ લાહ મુખ્લેસન્ હત્તા અતાકલ્ યકીનો બેઅબી અન્ત વ ઉમ્મી વ નફસી વ અહ્લી વ માલી વ વલદી અના ઓસલ્લી અલય્ક કમા સલ્લલ્ લાહો અલય્ક વ સલ્લ અલય્ક મલાએકતોહુ વ અમ્બેયાઓહુ વ રોસોલોહુ સલાતન મોતતાબેઅતન્ વાફેરતન્ મોતવાસેલતન્ લન્કેતાઅ લહા વ લા અમદ વ લા અજલ સલ્લલ્ લાહો અલય્ક વ અલા અહ્લે બય્તેકત્ તય્યેબીનત્ તાહેરીન કમા અન્તુમ્ અહ્લોહુ.**

ત્યાર બાદ પોતાના હાથો ને બલંદ કરે અને ખુઝૂઅ અને ખુશૂઅ સાથે કહે:

**અલ્લાહુમ્મજ્ અલ્ જવામેઅ સલવાતેક વ નવામેય બરકાતેક વ ફવાઝેલ ખય્રાતેક વ શરાએફ તહીય્યાતેક તસ્લીમાતેક વ કરામાતેક વ રહ્માતેક વ સલવાતે મલાએકતેકલ્ મોકર્રબીન વ અમ્બેયાએકલ્ મુર્સલીન વ અઇમ્મતેકલ્**

મુન્તજબીન વ એબાદેકસ્ સાલેહીન વ અહ્લિસ્ સમાવાતે વલ્ અરઝીન વ મન્ સબ્બહ લક યા રબ્બલ્ આલમીન મેનલ્ અવ્વલીન વલ્ આખેરીન અલા મોહમ્મદિન્ અબ્દેક વ રસૂલેક વ શાહેદેક વ નબીય્યેક વ નઝીરેક વ અમીનેક વ મકીનેક વ નજીય્યેક વ નજીબેક વ હબીબેક વ ખલીલેક વ સફીય્યેક વ સફ્વતેક વ ખાસ્સતેક વ ખાલેસતેક વ રહ્મતેક વ ખય્રે ખેયરતેક મિન્ ખલ્કેક નબીય્યિર્ રહ્મતે વ ખાઝેનિલ્ મગ્ફેરતે વ કાએદિલ્ ખય્રે વલ્ બરકતે વ મુન્કેઝિલ્ એબાદે મેનલ્ હલકતે બેઇઝ્નેક વ દાઈહિમ્ એલા દીનેકલ્ કય્યેમે બેઅમ્રેક અવ્વલિન્ નબીય્યીન મીસાકન્ વ આખેરેહિમ્ મબ્અસન્ અલ્લાહુમ્મ સલ્લે અલય્હે વ અલા અહ્લે બય્તેહિ સલાતન્ તર્ઝાહા લહુમ્ વ બલ્લિગ્હુમ્ મિન્ના તહીય્યતન્ કસીરતન્ વ સલામન્ વ આતેના મિન્ લદુન્ક ફી મોવાલાતેહિમ્ ફઝ્લન્ વ એહ્સાનન્ વ રહ્મતન્ વ ગુફ્રાનન્ ઇન્નક ઝુલ્ ફઝ્લિલ્ અઝીમે.

પછી બાલાએ સરની પાસે ઉભા રહી કહો:

**અસ્સલામો અલય્ક અય્યોહન્ નબીય્યો વ રહ્મતુલ્ લાહે વ બરકાતોહૂ અસ્સલામો અલય્ક યા અબલ્ કાસેમે અસ્સલામો અલય્ક યા સય્યેદલ્ અવ્વલીન વલ્ આખેરીન અસ્સલામો અલય્ક યા ઝય્નલ્ કેયામતે અસ્સલામો અલય્ક યા શફીઅલ્ કેયામતે અશહદો અન્ લા એલાહ ઇલ્લલ્ લાહો વહ્દહૂ લા શરીક લહૂ વ અશહદો અન્નક અબ્દોહૂ વ રસૂલોહૂ બલ્લગ્તર્ રેસાલત વ અદ્દય્તલ્ અમાનત વ નસહ્ત ઉમ્મતક વ જાહદ્ત ફી સબીલે રબ્બેક હત્તા અતાકલ્ યકીનો સલ્લલ્લાહો અલય્ક વ અલા અહ્લે બય્તેક તિબ્ત હય્યન્ વ તિબ્ત મય્યેતન્ સલ્લલ્ લાહો અલય્ક વ અલા અખીક વ વસીય્યેક વબ્ને અમ્મેક અમીરિલ્ મોઅ્મેનીન વ અલબ્નતેક સય્યેદતે નેસાઇલ્ આલમીન વ અલા વલદય્કલ્ હસને વલ્ હુસય્ને અફ્ઝલસ્ સલાતે વસ્સલામે વ અત્યબત્ તહીય્યતે વ અત્હરસ્ સલાતે વ અલય્ના મિન્કોમુસ્ સલામો વ રહ્મતુલ્**

**લાહે વ બરકાતોહૂ.**

ત્યાર બાદ થાંભલા ના કિનારા - જે કબર ની જમણી બાજુ અને કબર ના ખુણા ની નજદીક છે - કિબ્લા તરફ મોઢું રાખી ઉભો રહો - ડાબી બાજુ તરફ કબર અને જમણી બાજુ મિમ્બર હોય - પછી કહો:

**અશ્હદો અન્ લા એલાહ ઇલ્લલ્ લાહો વહ્દહુ લા શરીક લહુ વ અશ્હદો અન્ન મોહમ્મદન્ અબ્દોહુ વ રસૂલોહુ વ અશ્હદો અન્નક રસૂલુલ્ લાહે વ અન્નક મોહમ્મદુબ્નો અબ્દિલ્ લાહે વ અશ્હદો અન્નક કદ્ બલ્લગ્ત રેસાલાતે રબ્બેક વ નસહ્ત લેઉમ્મતેક વ જાહદ્ત ફી સબીલિલ્ લાહે વ અબદ્તલ્ લાહ હત્તા અતાકલ્ યકીનો બિલ્ હિકમતે વલ્ મવ્એઝતિલ્ હસનતે વ અદ્દયતલ્ લઝી અલયક મેનલ્ હક્કે વ અન્નક કદ્ રઉફ્ત બિલ્ મોઅ્મેનીન વ ગલુઝ્ત અલલ્ કાફેરીન ફબલ્લગલ્ લાહો બેક અફઝલ શરફે મહલ્લિલ્ મોકર્રમીન અલ્ હમ્દો લિલ્લાહિલ્ લઝીસ્ તન્કઝના બેક મેનશ્ શિર્કે વઝ્ ઝલાલતે**

અલ્લાહુમ્મ ફજ્અલ્ સલવાતેક વ સલવાતે મલાએકતેકલ્ મોકર્રબીન વ અમ્બેયાએકલ્ મુર્સલીન વ એબાદેકસ્ સાલેહીન વ અહ્લિસ્ સમાવાતે વલ્ અરઝીન વ મન્ સબ્બહ લક યા રબ્બલ્ આલમીન મેનલ્ અવ્વલીન વલ્ આખેરીન અલા મોહમ્મદિન્ અબ્દેક વ રસૂલેક વ નબીય્યેક વ અમીનેક વ નજીય્યેક વ હબીબેક વ સફીય્યેક વ ખાસ્સતેક વ સફ્વતેક વ ખેયરતેક મિન્ ખલ્કેક અલ્લાહુમ્મ અઅ્તેહિદ્ દરજતર્ રફીઅત વ આતેહિલ્ વસીલત મેનલ્ જન્નતે વબ્અસ્હો મકામન્ મહ્મૂદન્ યગ્બેતોહુ બેહિલ્ અવ્વલૂન વલ્ આખેરૂન અલ્લાહુમ્મ ઇન્નક કુલ્ત વ લવ્ અન્નહુમ્ ઇઝ્ ઝલમૂ અન્ફોસહુમ્ જાઊક ફસ્તગ્ફરૂલ્ લાહ વસ્ તગ્ફર લહોમુર્ રસૂલો લવજદુલ્ લાહ તવ્વાબન્ રહીમા વ ઇન્ની અતય્તોક મુસ્તગ્ફેરન્ તાએબન્ મિન્ ઝોનૂબી વ ઇન્ની અતવજ્જહો બેક એલલ્ લાહે રબ્બી વ રબ્બેક લેયગ્ફેર લી ઝોનૂબી.

પછી કબર ની નજદીક જઇ કબર પર હાથ રાખી કહો:

**અસ્અલુલ્ લાહલ્ લઝીજ્ તબાક વખ્તારક વ હદાક વ હદા બેક અંય્ યોસલ્લેય અલય્ક વ અલા આલે બય્તેકત્ તાહેરીન.**

ત્યાર બાદ કહે:

**ઇન્નલ્ લાહ વ મલાએકતહુ યોસલ્લૂન અલન્ નબીય્યે યા અય્યોહલ્ લઝીન આમનૂ સલ્લૂ અલય્હે વ સલ્લેમૂ તસ્લીમા.**

હુજરા શરીફ ના દરવાજા પર હાથ રાખી કહે:

**અતય્તોક યા રસૂલલ્ લાહે મોહાજેરન્ એલય્ક કાઝેયન્ લેમા અવ્જબહુલ્ લાહો અલય્ય મિન્ કસદેક વ ઇઝ્ લમ્ અલ્હક્ક હય્યન્ ફકદ્ કસદ્તોક બઅ્દ મવ્તેક આલેમન્ અન્ન હુર્મતક મય્યેતન્ કહુર્મતેક હય્યન્ ફકુન્ લી બેઝાલેક ઇન્દલ્ લાહે શાહેદન્.**

પછી પોતાનો જમણો હાથ ચહેરા પર ફેરવે અને કહે:

**અલ્લાહુમ્મજ્ અલ્ ઝાલેક બય્અતન્ મર્ઝીય્યતન્**

**લદય્ક વ અહ્દન્ મવક્કદન્ ઇન્દક તોહ્યેની મા અહ્યય્તની અલય્હે વ અલલ્ વફાએ બેશરાએતેહી વ હોદૂદેહી વ હોકૂકેહી વ અહ્કામેહી વ તોમીતોની એઝા અમત્તની અલય્હે વ તબઅસોની એઝા બઅસ્તની અલય્હે.**

પછી બાલાયે સર (સર મુબારક) વાળા ભાગ પાસે ઉભા રહી પોતાના વાલેદૈન અને દોસ્તો તરફ થી આ મુજબ ઝિયારત પઢે:

**અસ્સલામો અલય્ક યા નબીય્યલ્ લાહે મિન્ અબી વ ઉમ્મી વ વલદી વ ખાસ્સતી વ જમીએ અહ્લે બલદી હુર્રેહિમ્ વ અબ્દેહિમ્ વ અબ્યઝેહિમ્ વ અસવ્દેહિમ્ વ મિન્...**

(તે લોકો ના નામ લે જેમના થી મોહબ્બત રાખતો હોય.)

પછી કિબ્લા ની બાજુ જાય અને કબરે મુબારક તરફ મોઢું અને કિબ્લા તરફ પીઠ રાખી કહે:

**અસ્સલામો અલય્ક યા નબીય્યલ્ લાહે વ રસૂલહૂ અસ્સલામો અલય્ક યા સિફ્વતલ્ લાહે વ ખેયરતહૂ મિન્ ખલ્કેહી અસ્સલામો અલય્ક યા**

અમીનલ્ લાહે વ હુજ્જતહૂ અસ્સલામો અલય્ક યા ખાતમન્ નબીય્યીન વ સય્યેદલ્ મુર્સલીન અસ્સલામો અલય્ક અય્યોહલ્ બશીરૂન્ નઝીરો અસ્સલામો અલય્ક અય્યોહદ્ દાઈ એલલ્ લાહે વસ્ સેરાજુલ્ મોનીરો અસ્સલામો અલય્ક વ અલા અહ્લે બય્તેકલ્ લઝીન અઝ્હબલ્ લાહો અન્હોમુર્ રિજ્સ વ તહ્હર્તહુમ્ તત્હીરા અશ્હદો અન્નક યા રસૂલલ્ લાહે અતય્ત બિલ્ હક્કે વ કુલ્ત બિસ્સિદ્કે અલ્હમ્દો લિલ્લાહિલ્ લઝી વફ્ફકની લિલ્ ઈમાને વત્ તસ્દીકે વ મન્ન અલય્ય બેતાઅતેક વ ઇત્તેબાએ સબીલેક વ જઅલની મિન્ ઉમ્મતેક વલ્ મોજીબીન લેદઅ્વતેક વ હદાની એલા મઅરેફતેક વ મઅ્રેફતિલ્ અઇમ્મતે મિન્ ઝુર્રીયતેક અતકર્રબો એલલ્ લાહે બેમા યુર્ઝીક વ અબ્રઓ એલલ્ લાહે મિમ્મા યુસ્ખેતોક મોવાલેયન્ લેઅવ્લેયાએક મોઆદેયન્ લેઅઅ્દાએક જેઅ્તોક યા રસૂલલ્ લાહે ઝાએરન્ વ કસદ્તોક રાગેબન્

મોતવસ્સેલન્ એલલ્ લાહે સુબ્હાનહૂ વ અન્ત સાહેબુલ્ વસીલતે વલ્ મન્ઝેલતિલ્ જલીલતે વશ્શફાઅતિલ્ મક્બૂલતે વદ્દઅ્વતિલ્ મસ્મૂઅતે ફશ્ફઅ્ લી એલલ્ લાહે તઆલા ફિલ્ ગુફ્રાને વર્ રહ્મતે વત્ તવ્ફીકે વલ્ ઇસ્મતે ફકદ્ ગમરતિઝ્ ઝોનૂબો વ શમલતિલ્ ઓયૂબો ઉસ્કેલઝ્ ઝહ્રો તઝાઅફલ્ વિર્ઝો વ કદ્ અખ્બર્તના વ ખબરોકસ્ સિદ્કો અન્નહૂ તઆલા કાલ વ કવ્લોહુલ્ હક્કો વ લવ્ અન્નહુમ્ ઇઝ્ ઝલમૂ અન્ફોસહુમ્ જાઊક ફસ્તગ્ફરૂલ્ લાહ વસ્ તગ્ફર લહોમુર્ રસૂલો લવજદૂલ્ લાહ તવ્વાબન્ રહીમન્ વ કદ્ જેઅ્તોક યા રસૂલલ્ લાહે મુસ્તગ્ફેરન્ મિન્ ઝોનૂબી તાએબમ્ મિન્ મઆસીય્ય વ સય્યેઆતી વ ઇન્ની અતવજ્જહો એલલ્ લાહે રબ્બી વ રબ્બેક લેયગ્ફેર લી ઝોનૂબી ફશ્ફઅ્ લી યા શફીઅલ્ ઉમ્મતે વ અજિર્ની યા નબીય્યર્ રહ્મતે સલ્લલ્ લાહો અલય્ક વ અલા આલેકત્ તાહેરીન.

# મસ્જીદે નબવી ના અમુક મુસ્તહબ્બાતો

## રોઝે મુબારકે મસ્જીદ માં દોઆ

મસ્જીદે નબવી માં બહુ જ વધારે નમાઝ પઢે, કારણ કે આ મસ્જીદ માં પ્રત્યેક નમાઝ નો સવાબ એક હજાર (૧૦૦૦) નમાઝો બરાબર નમાઝી ના અઅમાલનામા માં લખવામાં આવે છે. કબર અને મિમ્બર દરમિયાન પઢવી અફઝલ છે. રસૂલ (સ.અ.વ.) થી મરવી છે કે આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું:

**મારી કબર અને મિમ્બર દરમિયાન જન્નત ના બાગો માંથી એક બાગ છે આ બાગ લંબાણ માં કબરે મુનવ્વર થી મિમ્બર સુધી અને પહોળાઇ માં મિમ્બર થી ચોથા થાંબલા સુધી લાંબો છે.**

મુસ્તહબ છે કે ત્યાં આ **દોઆ** પઢે:

**અલ્લાહુમ્મ ઇન્ન હાઝેહી રવ્ઝતુમ્ મિર્ રેયાઝે જન્નતેક વ શોઅ્બતુમ્ મિન્ શઅબે રહ્મતેકલ્ લતી ઝકરહા રસૂલોક વ અબાન અન્ ફઝ્લેહા, વ શરફિત્ તઅબ્બોદે લક ફીહા ફકદ્ બલ્લગ્તનીહા ફી સલામતે નફ્સી, ફલકલ્ હમ્દો યા સય્યેદી અલા અઝીમે નેઅ્મતેક અલય્ય ફી**

ઝાલેક વ અલા મા રઝક્તનીહે મિન્ તાઅતેક વ તલબે મર્ઝાતેક વ તઅ્ઝીમે હુર્મતિન્ નબીય્યેક બેઝેયારતે કબ્રેહી વત્ તસ્લીમે અલય્હે વત્તરદ્દોદે ફી મશાહેદેહી વ મવાફેકેહી ફલકલ્ હમ્દો યા મવ્લાય હમ્દન્ યન્તઝેમો બેહી મહામેદો હમલતે અર્શેક વ સુક્કાને સમાવાતેક લક વ યક્સોરો અન્હો હમ્દો મન્ મઝા વ યફ્ઝોલો હમ્દ મન્ બકેય મિન્ ખલ્કેક લક વ લકલ્ હમ્દો યા મવ્લાય હમ્દ મન્ અરફલ્ હમ્દ લક વત્ તવ્ફીક લિલ્હમ્દે મિન્ક હમ્દન્ યમ્લઓ મા ખલક્ત વ યબ્લોગો હય્સો મા અરદ્ત વ લા યહ્જોબો અન્ક વ લા યન્કઝી દૂનક વ યબ્લોગો અકસા રેઝાક વ લા યબ્લોગો આખેરહૂ અવાએલો મહામેદે ખલ્કેક લક વ લકલ્ હમ્દો મા અરફ્તુલ્ હમ્દ વ જોએલબ્ તેદાઉલ્ કલામિલ્ હમ્દો યા બાકેયલ્ ઇઝ્ઝે વલ્ અઝમતે વ દાએમસ્ સુલતાને વલ્ કુદ્રતે વ શદીદલ્ બત્શે વલ્ કૂવ્વતે વ નાફેઝલ્ અમ્રે વલ્ એરાદતે વ વાસેઅર્ રહ્મતે વલ્ મગ્ફેરતે વ રબ્બદ્ દુન્યા વલ્ આખેરતે કમ્ મિન્

નેઅ્મતિન્ લક અલય્ય યક્સોરો અન્ અય્સરેહા હમ્દી વ લા યબ્લોગો અદ્નાહા શુક્રી વ કમ્ મિન્ સનાએઅ મિન્ક એલય્ય લા યોહીતો બેકસીરેહા વહ્મી વ લા યોકય્યેદોહા ફિક્રી અલ્લાહુમ્મ સલ્લે અલા નબીય્યેકલ્ મુસ્તફા બય્નલ્ બરીય્યતે તિફ્લન્ વ ખય્રેહા શાબ્બંવ્ વ કહ્લન્ અત્હરિલ્ મોતહ્હરીન શીમતંવ્ વ અજ્વદિલ્ મુસ્તમિર્રીન દીમતંવ્ વ અઅ્ઝમિલ્ ખલ્કે જુર્સૂમતમ્, અલ્લઝી અઝ્હ્ત બેહિદ્ દલાલાતે વ અકમ્ત બેહિર્ રેસાલાતે વ ખતમ્ત બેહિન્ નોબૂવ્વાતે વ ફતહ્ત બેહિલ્ ખય્રાતે વ અઝ્હર્તહૂ મઝ્હરન્ વબ્ તઅસ્તહૂ નબીય્યન્ વ હાદેયન્ અમીનમ્ મહદીય્યન્ વ દાએયન્ એલય્ક વ દાલ્લન્ અલય્ક વ હુજ્જતન્ બય્ન યદય્ક અલ્લાહુમ્મ સલ્લે અલલ્ મઅ્સૂમીન મિન્ ઇત્રતેહી વત્તય્યેબીન મિન્ ઉસ્રતેહી વ શર્રિફ્ લદય્ક બેહી મનાઝેલહુમ્ વ અઝિમ્ ઇન્દક મરાતેબહુમ્ વ તમ્મિમ્ બેલેકાએહી સોરૂરહુમ્ વ વફ્ફિર બેમકાનેહી ઉન્સહુમ્.

# તૌબા ના સુતૂન (થાંભલા) પાસે નમાઝ અને દોઆ

સુતૂને અબુ લોબાબા - જે સુતૂને તૌબા ના નામે મશહૂર છે - ની પાસે બે (૨) રકઅત નમાઝ પઢે અને પછી આ **દોઆ** પઢે:

**બિસ્મિલ્ લાહિર્ રહ્માનિર્ રહીમ્**

**અલ્લાહુમ્મ લા તોહિન્ની બિલ્ ફક્રે વ લા તોઝિલ્લની બિદ્દય્ને વ લા તરૂદ્દની એલલ્ હલકતે વ અઅ્સિમ્ની કય્ અઅ્તસેમ વ અસ્લેહ્ની કય્ અન્સલહ વહ્દેની અહ્તદેય અલ્લાહુમ્મ અઇન્ની અલલ્ જેહાદે નફ્સી વ લા તોઅઝ્ઝિબ્ની બેસૂએ ઝન્ની વ લા તોહ્લેકોની વ અન્ત રજાઈ વ અન્ત અહ્લુન્ અન્ તગ્ફેર લી વ કદ્ અખ્તાતો વ અન્ત અહ્લુન્ અન્ તઅ્ફોવ અન્ની વ કદ્ અક્રર્તો વ અન્ત અહ્લુત્ તક્વા વ અહ્લુલ્ મગ્ફેરતે**

**ફવફ્ફિકની લેમા તોહિબ્બો વ તર્ઝા વ યસ્સિર્લેયલ્ યસીર વ જન્નિબ્ની કુલ્લ અસીર અલ્લાહુમ્મ અગ્નેની બિલ્ હલાલે અનિલ્ હરામે વ બિત્તાઆતે અનિલ્ મઆસી વ બિલ્ ગેના અનિલ્ ફક્રે વ બિલ જન્નતે અનિન્ નારે વ બિલ્ અબ્રારે અનિલ્ ફુજ્જારે યા મન્ લય્સ કમિસ્લેહી શયૂઉન્ વહોવસ્ સમીઉલ્ બસીરો વ અન્ત અલા કુલ્લે શયૂઇન્ કદીર.**

ત્યાર બાદ પોતાની હાજત તલબ કરે ઇન્શાઅલ્લાહ પુરી થશે.

# મસ્જીદે નબવી અને મદિનાએ મુનવ્વરા માં રોઝો રાખવો મુસ્તહબ છે

મુસ્તહબ છે કે હાજતો પૂરી થવાની નીય્યત થી મદિનાએ મુનવ્વરા માં ત્રણ (૩) દિવસ સુધી રોઝા રાખે ભલે પછી મુસાફિર પણ કેમ ન હોય. બહેતર છે કે બુધ, જુમેરાત અને જુમ્આ ના દિવસે રોઝા રાખે. મુસ્તહબ છે કે બુધવાર ના દિવસે અને રાત્રે સુતૂને અબુ લોબાબા પાસે નમાઝ પઢે અને જુમેરાત ની રાત્રે તથા દિવસે તેની બરાબર સામે આવેલા સુતૂન પાસે નમાઝ પઢે અને શબે જુમ્આ અને જુમ્આ ના દિવસે મેહરાબે રસૂલ (સ.અ.વ.) ની બાજુમાં આવેલા સુતૂન પાસે નમાઝ પઢે અને પોતાની દુનિયા ની તથા આખેરત ની હાજતો અલ્લાહ પાસે તલબ કરે અને બીજી બધી દોઆઓ સાથે આ દોઆ પણ પઢે:

**અલ્લાહુમ્મ મા કાનત્ એલય્ક મિન્ હાજતિન્ શરઅ્તો અના ફી તલબેહા અવિલ્ તેમાસિન્ અવ્ લમ્ અશ્રઅ્ સઅલ્તોકહા અવ્ લમ્ અસ્અલ્કહા ફઇન્ની અતવજ્જહો એલય્ક**

**બેનબીય્યેક મોહમ્મદિન્ સલ્લલ્ લાહો અલય્હે વ આલેહી નબીય્યિર્ રહ્મતે ફી કઝાએ હવાએજી સગીરેહા વ કબીરેહા અલ્લાહુમ્મ ઇન્ની અસ્અલોક બેઇઝ્ઝતેક વ કૂવ્વતેક વ કુદ્રતેક વ જમીએ મા અહાત બેહી ઇલ્મોક અન્ તોસલ્લેય અલા મોહમ્મદિંવ્ વ આલે મોહમ્મદિન્ સલ્લલ્ લાહો અલય્હે વ આલેહી વ અન્ તફ્અલ બી કઝા વ કઝા...**

**કઝા વ કઝા** ની જગ્યાએ પોતાની હાજતો તલબ કરે. ઇન્શાઅલ્લાહ પૂરી થશે.

# મકામે જિબ્રઇલ પાસે નમાઝ અને દોઆ

મકામે જિબ્રઇલ પાસે નમાઝ અને દોઆ પઢવી મુસ્તહબ છે. આ તે જગ્યા છે જ્યાં થી જિબ્રઇલ (અ.સ.) રસૂલ (સ.અ.વ.) પાસે આવવાની પરવાનગી લેતા હતા. આ જગ્યા હઝરતે ફાતેમહ ઝહરા (સ.અ.) ના ઘર નો દરવાજો છે તે રિવાયતો મુજબ કે જેમાં આપ (સ.અ.) ની કબર આ જ ઘર માં બતાવવા માં આવી છે. આપ (અ.સ.) ની કબર પાસે છે. અને નમાઝ બાદ કહે:

**યા મન્ ખલકસ્ સમાવાતે વ મલાહા જોનૂદન્ મેનલ્ મોસબ્બેહીન લહૂ મિમ્ મલાએકતેહી વલ્ મોમજ્જેદીના લેકુદ્રતેહી વ અઝમતેહી વ અફ્રગ અલા અબ્દાનેહિમ્ હોલલ કરામાતે વ અન્તક અલ્સેનતહુમ્ બેઝોરૂબિલ્ લોગાતે વ અલ્બસહુમ્ શેઆરત્ તક્વા વ કલ્લદહુમ્ કલાએદન્ નોહા વ જઅલહુમ્ અવ્ફર અજ્નાસે ખલ્કેહી મઅ્રેફત બેવહ્દાનીય્યતેહી વ કુદ્રતેહી વ જલાલતેહી વ અઝમતેહી વ અક્મલહુમ્ ઇલ્મન બેહી વ અશદ્દહુમ્ ફરકન્ વ અદ્વમહુમ્ લહૂ તાઅતંવ્ વ ખોઝૂઅંવ્ વસ્ તેકાનતંવ્ વ ખોશૂઅન્ યા મન્ ફઝ્ઝલલ્ અમીન જબરઈલ**

બેખસાએસેહી વ દરજાતેહી વ મનાઝેલેહી વખ્તારહૂ લેવલ્રેહી વ સેફારતેહી વ અહ્દેહી વ અમાનતેહી વ ઇન્ઝાલે કોતોબેહી વ અવામેરેહી અલા અંબેયાએહી વ રોસોલેહી વ જઅલહૂ વાસેતતન્ બય્ન નફ્સેહી વ બય્નહુમ્ અસ્અલોક અન્ તોસલ્લેય અલા મોહમ્મદિન્ વ આલે મોહમ્મદિન્ વ અલા જમીએ મલાએકતેક વ સુક્કાને સમાવાતેક અઅ્લમે ખલ્કેક બેક અખ્વફે ખલ્કેક લક વ અક્રબે ખલ્કેક મિન્ક વ અઅ્મલે ખલ્કેક બેતાઅતેક અલ્લઝીન લા યગ્શાહુમ્ નવ્મુલ્ ઓયૂન વ લા સહ્વુલ્ ઓકૂલે વ લા ફત્રતુલ્ અબદાનિલ્ મોકર્રમીન બેજવારેક વલ્ મોઅ્તમનીન અલા વહ્યેક અલ્ મુજ્તનબીનલ્ આફાતે વલ્ મૂકીનસ્ સય્યેઆતે અલ્લાહુમ્મ વખ્સોસિર્ રૂહલ્ અમીન સલવાતોક અલય્હે બેઅઝ્આફેહા મિન્ક વ અલા મલાએકતેકલ્ મોકર્રબીન વ તબકાતિલ્ કર્રૂબીન વર્રૂહાનીય્યીન વ ઝિદ્ ફી મરાતેબેહી ઇન્દક વ હોકૂકેહિલ્ લતી લહૂ અલા અહ્લિલ્ અર્ઝે બેમા કાન યન્ઝેલો

બેહી મિન્ શરાએએ દીનેક વ મા બય્યન્તહૂ અલા અલ્સેનતે અમ્બેયાએક મિન્ મોહલ્લલાતેક વ મોહર્રમાતેક અલ્લાહુમ્મ અક્સિર્ સલવાતેક અલા જબરઈલ ફઇન્નહૂ કુદ્રતુલ્ અમ્બેયાએ વ હાદિલ્ અસ્ફેયાએ વ સાદેસો અસ્હાબિલ્ કેસાએ અલ્લાહુમ્મજ્ અલ્ વોકૂફી ફી મકામેહી હાઝા સબબન્ લેનોઝૂલે રહ્મતેક અલય્ય વ તજાવોઝેક અન્ની રબ્બના ઇન્નના સમેઅ્ના મોનાદેયંય્ યોનાદી લિલ્ ઈમાને અન્ આમેનૂ બેરબ્બેકુમ્ ફઆમન્ના રબ્બના ફગ્ફિર્ લના ઝોનૂબના વ કફ્ફિર્ અન્ના સય્યેઆતેના વ તવફ્ફના મઅલ્ અબ્રારે રબ્બના વ આતેના મા વઅદ્તના અલા રોસોલેક વ લા તુખ્ઝેના યવ્મલ્ કેયામતે ઇન્નક લા તુખ્લેફુલ્ મીઆદ અય્ જવાદો અય્ કરીમો અય્ કરીબો અય્ બઈદો અસ્અલોક અન્ તોસલ્લેય અલા મોહમ્મદિંવ્ વ આલે મોહમ્મદિન્ વ અન્ તોવફ્ફેકની લેતાઅતેક વ લા તોઝીલ અન્ની નેઅ્મતક વ અન્ તુર્ઝકનિલ્ જન્નત બેરહ્મતેક વ તોવસ્સેઅ અલય્ય ફઝ્લેક વ

**તુગ્નેયની અન્ શેરારે ખલ્કેક વ તુલ્હેમની શુક્રક વ ઝિક્રક વ લા તોખય્યેબ યા રબ્બે દોઆઈ વ લા તક્તઅ રજાઈ બેમોહમ્મદિંવ્ વ આલેહી.**

અને કહે:

**વ અસ્અલોક બેઅન્નક અન્તલ્ લાહો લય્સ કમિસ્લેક શય્ઉન્ અન્ તઅ્સેમની અનિલ્ મહાલેકે વ અન્ તોસલ્લેમની મિન્ આફાતિદ્ દુન્યા વલ્ આખેરતે વ વઅ્સાઇસ્ સફરે વ સૂઇલ્ મુન્કલબે વ અન્ તરૂદ્દની સાલેમન્ એલા વતની બઅ્દ હજ્જિન્ મકબૂલિંવ્ વ સઅ્યિન્ મશ્કૂરિંવ્ વ અમલિન્ મોતકબ્બલિન્ વ લા તજ્અલ્હો આખેરલ્ અહ્દે મિન્ હરમેક વ હરમે રસૂલેક સલ્લલ્ લાહો અલય્હે વ આલેહી.**

ઇમામ જઅફર સાદિક (અ.સ.) થી મરવી છે કે મકામે જિબ્રઇલ (અ.સ.) પાસે પહોંચી નીચે મુજબ કહે:

**અય્ જવાદો અય્ કરીમો અય્ કરીબો અય્ બઈદો અસ્અલોક અન્ તોસલ્લેય અલા મોહમ્મદિંવ્ વ અહ્લે બય્તેહી વ અન્ તરૂદ્દની અલય્ય નેઅ્મતક.**

# ઝિયારતે હઝરતે ફાતેમહ ઝહરા (સ.અ.)

અલ્લાહ ની નજરો માં જનાબે ફાતેમહ ઝહરા (સ.અ.) ની ઘણી અઝમત છે. અને આ મહાન અને ફિદાકાર ખાતૂન ની ઝિયારત નો ઘણો સવાબ છે. અલ્લામા મજલિસી (રેહ.) એ પોતાની કિતાબ 'મિસ્બાહુલ અન્વાર' માં નકલ કર્યું છે કે હઝરત ફાતેમહ (સ.અ.) એ ફરમાવ્યું:

**'મારા વાલિદે મને ફરમાવ્યું, જે શખ્સ તમારા ઉપર દુરૂદ પાઠવશે ખુદા તેની મગફેરત કરશે અને હું જન્નત માં જ્યાં પણ હોઇશ તેનો મારી સાથે મેળાપ કરાવશે.'**

મરહૂમ શૈખ તૂસી (રેહ.) એ પોતાની કિતાબ 'તહઝીબ' માં લખ્યું છે કે ફાતેમહ ઝહરા (સ.અ.) ની ઝિયારત ની ફઝીલત ઉપર બેશુમાર હદીસો નકલ થઇ છે.

હઝરત ફાતેમહ ઝહરા (સ.અ.) બેઅસત ના પહેલા વર્ષે વિલાદત પામ્યા, રસૂલે ખુદા (સ.અ.વ.) ની ગોદ માં મોટા થયા, રસૂલ (સ.અ.વ.) ની રિસાલત ના કટોકટી ના સમય માં આપ (સ.અ.વ.) ની મદદગાર અને દોસ્ત રહ્યા, હઝરત અલી બિન અબી તાલિબ (અ.સ.) સાથે શાદી કરી, બાપ ની રેહલત પછી ૭૫ દિવસ (અથવા ૯૫ દિવસ) બાદ દુનિયા છોડી ચાલ્યા ગયા.

હજી સુધી સાચી ખબર નથી કે આપ (સ.અ.વ.) ની કબર ક્યાં છે. કોઇ કહે છે કે આપ (સ.અ.) પોતાના ઘર માં છે. મરકદે રસૂલ (સ.અ.વ.) ની પાસે - દફન થયા છે. થોડાક

નું માનવું છે કે આપ (અ.સ.) બકીઅ માં ઇમામો (અ.સ.) ની કબરો પાસે દફન છે. પરંતુ આપણા ઓલમાઓ ની માન્યતા એવી છે કે હઝરત ફાતેમહ (સ.અ.) ની ઝિયારત કબરે રસૂલ (સ.અ.વ.) પાસે પઢવી જોઇએ. બહેતર છે કે ત્રણેય જગ્યાએ આપ (અ.સ.) ની ઝિયારત પઢવામાં આવે.

# હઝરત ફાતેમહ (સ.અ.) ની પહેલી ઝિયારત

